# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ




ખોટાં સાધન ખરીદી ગોદામે ગોંધાઇ જાય છે,
ને વિના કારણ ખર્ચાય ગ્રાંટ ફેંદાઇ જાય છે
રોંદાઇ જાય છે નાણાં પ્રજાનાં આવડત વિના -
માર્ચ-માસમાં ખાયકી ના ખાડા ખોદાઇ જાય છે..




ચઢી ઉધઇ
શાળા પુસ્તકાલયે -
ટકાવારીની..
(એક જ પ્રકાશકનાં..)

વેકેશન તો
થઇ ગયું મૃગજળ -
સમર-કેમ્પે..
(બાળ-હરણ દોડતું જ રહેશે)

## ચિંતન

**દ્વાવિમૌ પુરૂષૌ લોકે શિરઃ શૂલકરાવુભૌ ।**
**ગૃહસ્થશ્ચ નિરારમ્ભો યતિશ્ચ સપરિગ્રહઃ ॥**

**'જેમની વાત સાંભળીને-જેમની વાત કરવાથી માથું ફાટી જાય એવું શિરદર્દ ઊભું થાય એવા બે માણસ (એવાં બે વ્યક્તિત્વ) આ જગતમાં - પૃથ્વી પર છે - (૧) એવો ગૃહસ્થ જે સંસાર વ્યવહારમાં હોવા છતાં કોઇ પણ જાતનાં કર્તવ્યને નભાવતો નથી અર્થાત કોઇ પ્રકારના કામ નથી કરતો તે અને બીજો - છે સંન્યાસી. સંન્યાસી હોવા છતાં જે દ્રવ્ય, ઘર, અનાજ વગેરેનો સંગ્રહ કરનારો હોય.'**

**સંસાર-પત્રવ્યહારમાં આવ્યા પછી આપણું જે કર્તવ્ય હોય - પિતા-પુત્ર-માતા-પુત્રવધૂ ભાઇ-બહેન, શેઠ-નોકર, સાસુ-વહુ, દેરાણી-જેઠાણી જેવા અનેક સંબંધોમાં બધાંને કેટલાક હક મળે છે. સાથે એટલી જ ફરજ પણ પહોંચે છે. પણ કેટલાક લોકો જીવનમાં હક્ક-અધિકાર પ્રત્યે ફરજ પ્રત્યે આંખ-આંડા કાન કરે છે કે તે દેખાતાં કે સમજતા જ નથી.**

**ઘરનાં મુખ્ય વ્યક્તિ કમાણી કરી લો ત્યારે ઘરની સ્ત્રીએ એની તમામ સુવિધા-સવલત-અને આનંદનો ખ્યાલ રાખવો જોઇએ. એ જ રીતે પુત્રો-સંતાનોની પણ ફરજ થાય છે. શેઠ-નોકરને આર્થિક રીતે મદદ કરે ત્યારે નોકરે સંતોષકારક સેવા આપવી જોઇએ. કૃતઘ્ન લોકો શિરદર્દ છે.**

**એવી રીતે આજના સાધુ-સન્યાસી-મહાધીશો આશ્રમ બનાવી ધનસંચય-સંગ્રહ કરી સુખ-સુવિધામાં આળોટે છે. ત્યારે આવા 'બાપુઓ' પણ સમાજનું શિરદર્દ બની જાય છે.**

## સુવિચાર

- જો તમે સૂર્ય ગુમાવ્યાના અફસોસમાં આંસુ સારતા બેસી રહેશો તો તારાઓ પણ ગુમાવશો - **રવીન્દ્રનાથ ટાગોર**
- આળશુ માણસ હંમેશા દેવાદાર અને બીજાને ભારરૂપ જ રહે છે - **ઓબ્રોગોન**
- આળશુ માણસ શ્વાસ તો લેતો હોય છે પણ એ જીવતો નથી - **સિસેરો**
- જેને સર્જન કરવું હોય એને જાતનું વિસર્જન કરવું પડે - **સાત્ર**
- તમારા સંતાનને જો ભેટ આપવી જ હોય તો નિયમિતતા, ઉત્સાહ અને નિષ્ઠાની જ આપજો - **બ્રૂસ બાર્ટન**
- આપણા નિયમો, સત્કાર્યો, અને સદ્પ્રવૃત્તિ આપણો સ્વભાવ બની જાય છે- **શેક્સપિયર**
- માનવીનો સાચો મિત્ર એની દસ આંગળીઓ છે - **રોબર્ટ કેલિયર**

## બોધ કથા

**જેના મન, હૃદય, વિચાર એક હોય તેને એકમેકની વેદનાનો અનુભવ થાય છે એટલું જ નહીં પરસ્પર વેદનાની અસર પણ થાય, નવપરણિત દંપતિમાંથી કોઇને કંઇ ખરાબ સમાચાર મળ્યા હોય તો દૂર બેઠે પતિ કે પત્ની પણ બેચેની અનુભવે - વિજ્ઞાનની ભાષામાં આને 'ટેલીપથી' કહે છે. એવી જ રીતે ગુરૂ, સંતને સાચા હૃદયથી કરેલી પ્રાર્થના પહોંચે છે. સંતો ભક્તની પીડા-વેદના જાતે ભોગવી લેતા હોય છે.**

**એકવાર રામકૃષ્ણ પરમહંસ દક્ષિણેશ્વરથી કલકત્તા બાજુ સામે કાંઠે નાવમાં જતાં હતા. ખૂલ્લે શરીરે જ હતા. ત્યાં પરમહંસ બૂમો પાડવા લાગ્યા. 'મને મારો નહિ - મારો નહિ - હું નિર્દોષ છું.'**

**નાવમાં બેઠેલા મુસાફરોને આશ્ચર્ય થયું. તેમની સાથે બેઠેલા અનુયાયીઓએ પૂછ્યું, તમે તો નાવમાં બેઠા છો, તમને કોણ મારે છે?**

**રામકૃષ્ણ એ પીઠ બતાવી ચાર-પાચ કોરડાના સોળ ઉઠ્યા હતા અને લોહી બાજી ગયું હતું. ઘાવ તદ્દન તાજા હતા. પરમહંસને વેદના થતી હતી - યાત્રિકો ને ખૂબ આશ્ચર્ય થયું.**

**ત્યાં નાવ કાંઠે પહોંચી. એક સ્ત્રી રડતી રડતી પરમહંસને પગે પડી. રામકૃષ્ણ કહે બહેન તને કોરડા પડ્યા પણ પીડા મેં લઇ લીધી છે તું ચિંતા કરીશ નહી. પછી યાત્રિકોને ખબર પડી કે એક જમીનદારે એ સ્ત્રીને 'ચોરી'ની શંકાના કારણે કોરડા માર્યા હતા. પરંતુ સ્ત્રી ખરેખર નિર્દોષ હતી. સ્ત્રીને કોરડાનો માર પડ્યો હતો ત્યારે મહાકાલીને યાદ કરતી હતી.**

# પ્રલોભન અચાનક જ આવે છે, શું થઇ રહ્યું છે તેનું મનને ભાન પણ રહેતું નથી અને મનુષ્ય પરાજયનાં સ્થાન ઉપર પહોંચી જાય છે

**● ૧૬. હંમેશા કાર્યરત રહો**

ધ્યાનમાં એકાંતમાં આ પ્રકારનાં શબ્દો સંભળાયા, આ સંસારનું બંધન ભયંકર છે, એમાંથી નીકળવું અત્યંત મુશ્કેલ છે. જીવન આપણને સમજાવે છે કે સત્ય જીવન વિતાવવા માટે મનુષ્યને જીવનની પરે જવું જોઇએ અને મૃત્યું પ વિજય પ્રાપ્ત કરવો જોઇએ. આ મહાન કાર્ય છે. અને તેની પ્રાપ્તિ માટે એ સમસ્ત સ્વભાવોને વશમાં કરવું પડશે જે મનુષ્યને મૃત્યુ સુધી પહોંચાડે છે. હે પુત્ર! હું તને ગંભીરતાથી બતાવું છું. અને આજ્ઞા આપું છું કે સાવધાન રહો અને એનાં સંબંધમાં ધ્યાનપૂર્વક વિચાર કરો કે જે તમને પ્રચલિત કરે છે! આત્મોન્નતિ નો જ આ માર્ગ છે, કેવળ આ જ સાધન છે. નાનામાં નાના પ્રલોભનોનું ઉદય થવું, તેનું સાવધાનીથી નિરીક્ષણ કરો. પોતાના મન ઉપર સખત પહેરો બેસાડો. હંમેશાં પોતાનો મહત તત્ત્વનાં વિચારોથી રત રાખો. આ પ્રમાણે ધીરે-ધીરે પોતાને મુક્ત કરી શકશો.

પ્રલોભન અચાનક જ આવે છે, શું થઇ રહ્યું છે તેનું મનને ભાન પણ રહેતું નથી અને મનુષ્ય પરાજયનાં સ્થાન ઉપર પહોંચી જાય છે. મહાપુરૂષો એને સારી રીતે સમજે છે. આથી ખરાબ - કુભાવોથી સાવધાન રહીને, સતત સદ્ભાવ સારા વિચારોથી એની સંભાવના નષ્ટ કરી દો. વિચારોથી જ મનુષ્યની ઉન્નતિ તથા અવનતિ થાય છે. સાવધાન રહો અને સદ્વિચારોને આશ્રય આપો.




- ઉર્વી રાજવીર

સ્મરણ રાખો કે તમારે પોતાના મનને હંમેશા કાર્યરત રાખવાનું છે. એને બેકાર ન રહેવા દો. બેકારી બૂરાઇનું પોષક છે. અને તે તેમાં જ પોષક પામે છે. કુસંસર્ગથી સાવધાન રહો. જીવનને ગંભીરતાપૂર્વક વ્યતીત કરો. તમારી સામે આત્મોન્નતિનું મહાન કાર્ય છે અને પાસે થોડોક જ સમય છે. જો પોતાને અસાવધાનીથી ભટકવા દેશો તો તમારે શોક કરવો પડશે. અને તેનાથી પણ ખરાબ સ્થિતિ પ્રાપ્ત થશે. પોતાનાં આ જીવનને આત્મા માટે સફળ બનાવો અને એનાં દ્વારા પોતાના એક સારા ભવિષ્ય અને ભાવી જીવનનું નિર્માણ કરો. સંસાર નશ્વર છે. કર્મગતિ અનિવાર્ય છે.

સાવધાન રહો જેનાથી મૃત્યુ તમને પાપમુક્ત ન પામે. સાવધાન રહો જેથી તમે સાંસારિક વાસનાઓથી પરાજિત થઇને કર્મગતિ દ્વારા અધિક ને અધિક બંધન તથા ઘોર દુઃખમાં ન પડો. વત્સ! મારા પ્રતિ પ્રેમ તારા જીવનનો ધ્રુવ તારો છે. એકવાર અમૃતત્વનો સ્વાદ ચાખી લેવાથી તારા માટે એ અસંભવ છે કે તું ભૌતિકતામાં રચ્યો પચ્યો રહે.

ચિંતા ન કરીશ. પરમાત્માનો અનુગ્રહ પર્વત જેવડાં પાપથી પણ બળવાન છે. જ્યાં સુધી તમે વિશ્વાસ કરો છો ત્યાં સુધી આશા છે પણ માર્ગ ઘણો લાંબો છે. વિચાર કરો કે પાપોને સંપૂર્ણપણએ નષ્ટ કરવા માટે તેમજ મનુષ્યને પરમાત્મામાં પરોવવા માટે કેટલાં જીવન જરૂરી હશે!

શું ત્યારે તમે નથી સમજી શકતા કે પોતાના કલ્યાણ માટે તમારે કેટલી દૃઢ્તાથી પ્રયત્ન કરવો જોઇએ? અને જો તમે મને પ્રેમ કરતા હો તો શું મારા માટે આદર્શ તક પહોંચાડવા માટે પ્રયત્ન નહીં કરો? મેં કેટલા સમય સુધી રાહ જોઇ છે.

તમે પૂર્ણ બનો અને મનુષ્યની જેમ પ્રયત્ન કરો. હું ઉત્સુકતાથી તમારી ધાર્મિકતાની રાહ જોઇ રહ્યો છું. હું હમેશાં તમારી નજીક રહીશ. પરંતુ પોતાના કર્તવ્ય કર્મથી વિમુખ ન થશો. આળસ છોડો. મનુષ્ય બનો. મારા પ્રતિ પ્રેમ તમારા જીવનનો ધ્રુવ ધારો છે. તમારા અસ્તિત્વનો આધાર છે. એના માટે પૂરા પ્રમાણ છે, કારણ કે મારા પ્રતિ પોતાનાં પ્રેમ દ્વારા તમે મુક્ત થઇ જશો.

ગુરૂનાં પ્રત્યે ફક્ત ભક્તિ આવશ્યક છે. તે તમારી બધી જ મૂંઝવણોને સુલજાવી દેશે, તેથી તમે પ્રસન્ન રહો. એ જાણી લો કે હું હંમેશા તમારી સાથે છું. પરમાત્માનાં પ્રતિ મારી લગ્ન, મારો અનુભવ, મારી પાસે જે કોઇ પણ છે તે બધઉં તમને આપી દેવામાં આવશે. કારણ કે શિષ્યના કલ્યાણ માટે જો જરૂરી હોય તો સ્વયં પોતાને પણ દઇ દેવામાં ગુરૂનું ગુરૂત્વ છે. એક વાર મેં તમને સ્વીકાર કરી લીધાં, તે હંમેશાંને માટે છે, અનંતને માટે છે.

હવે તમે શાંતિથી જાઓ. સાવધઆન રહો કે જો તમે પોતાના માટે સાચા હો તો તમે મારા પણ મહત્ત્વ તથા અનુભવની વૃદ્ધિ કરશો.

**૧૭. મનને સ્મશાન બનાવી દો.**

ગુરૂવાણીએ મારા આત્માને કહ્યું, પુત્ર! આત્મ-ઉન્નતિ એ જીવનનું વાસ્તવિક પ્રયોજન છે. આ આત્મઉન્નતિથી જીવન સુખમય થાય છે. જેનાં માટે અગત્યનો છે સાક્ષિભાવ. સાક્ષી બનો, તટસ્થ બનો અને પોતાના વ્યક્તિત્વને એવી રીતે જુઓ જાણે કે કોઇ અલગ વસ્તુ હોય. ઊભાં થતાં વિચારો તથા બદલાતી ઇચ્છાઓનું સાવધાનીથી અધ્યયન કરો. અતિતનાં અનુભવની ઉપયોગીતા ક્ષણિક છે. આજથી પહેલાંનાં વર્ષોની વાતોની શું ચિંતા? એવો વિચાર કરતા કરતા. વિઘ્ન વિનાનાં જીવનમાં અગ્રેસર થાઓ. કોઇ પણ ભૌતિક વસ્તુનો પ્રભાવમાં ન વહી જાવ. તે ક્ષણિક છે. આથી પોતાનો સમય આત્મસંબંધી વસ્તુઓમાં આપો.

સંસારી મનુષ્યય નાશવંતા શરીરને જે કાચી માટીનું રમકડું છે - કેટલો સમય આપે છે? એમનું મન ક્ષણિક અને ભૌતિક પદાર્થોમાં કેટલું લાગેલું છે? તે અવિનાશી વસ્તુઓમાં નષ્ટ થઇ જાય છે. તે માયામાં વિલિન થઇ જાય છે. આથી પોતાને સંસારી પદાર્થોનાં સંબંધથી દૂર રાખો. વિષયી મનુષ્યનો સાથ છોડો. મન સૂક્ષ્મ છે. તે ભૌતિક પદાર્થોને આર્દશ બનાવવાનો નિરંતર પ્રયત્ન કરે છે. તે મહામાયાનું પ્રપંચ છે. કાલ્પનિક સૌંદર્ય તથા બાહરી ચમક દમકથી ભ્રમ ન પામો. આંતર દૃષ્ટિને હાથથી ન જવા દો. અનાદિ કાળથી આ સંઘર્ષ ચાલતો રહ્યો છે. તમારા માટે પરમાત્માનાં પ્રેમની સામે સાંસારિક આસક્તિનું શું મૂલ્ય છે? આસક્તિ શારીરિક છે, આથી બંધન છે. તું તો મને હૃદયથી પ્રેમ કરે છે આ જ અંતર છે. આ ખોટું નથી કે ઘણાં કષ્ટો પછી તમને અનુભવ થાય કે સંસારનું બંધન મિથ્યાં અને દુઃખમય છે. તમે જેટલું વધું દુઃખ પામો છો તેટલું જ મારી નજીક આવો છો.

સહિષ્ણુતાનો અભ્યાસ કરો. પોતાના ઉત્તરદાયિત્વને સમજો કોઇના દોષ જોવા અને એનાં પર ટીકા-ટિપ્પણી કરતાં પહેલાં પોતાનાં મોટાં - મોટાં દોષોનું અન્વેષણ કરો. જો પોતાની વાણીનું નિયંત્રણ ન કરી શકો તો એને બીજાને પ્રતિકૂળ નહીં, પરંતુ પોતાને પ્રતિકૂળ ઉપદેશ કરવા દો.

સૌથી પહેલાં પોતાના ઘરને નિયમિત બનાવો. આવો ઉપદેશ આત્માનુભવના ઉચ્ચત્તમ વિજ્ઞાનને અનુકૂળ છે. કેમ કે વિના આચરણથી આત્માનુભવ નથી થઈ શકતો. નમ્રતા, સરળતા, સાધુતા, સહિષ્ણુતા આ બધાં આત્માનુભવનનાં પ્રધાન અંગ છે. બીજા તમારી સાથે શું કરે છે, એની ચિંતા ન કરો. આત્મ ઉન્નતિમાં તત્પર રહો, જો આ તથ્યને સમજી લીધું તો એક મોટાં રહસ્યને તમે પામી લીધું. બધી વસ્તુઓનાં મૂળમાં અહંકાર સ્થિત છે. એને સમૂળ નષ્ટ કરી દો. બાકી રહી કામના, તો સાવધાનીથી એને દેખરેખ રાખ્યાં કરો. એની ઉપર વિજયનો ત્યાં સુધી વિશ્વાસ ન કરી શકાય જ્યાં સુધી આ શરીર સ્મશાનમાં ન પહોંચી જાય.

આ મનને સ્મશાન બનાવી દો. જો જીવનકાળમાં જ મુક્ત થવું હોય તો સમસ્ત ઇચ્છાઓને આકાંક્ષાઓને બાળી નાંખો. તમારે વિના વિચાર કર્યા વગર મારી આજ્ઞા-પાલન કરવાનું શીખવું જોઇએ. તમે એક બાળકથી વિશેષ શું છો? શું તમારામાં વાસ્તવિક જ્ઞાન છે? એટલે જ બાળકની માફક માર્ગમાં પાછળ પાછલ ચાલો, પોતાને તમામ પ્રકારથી મારી ઇચ્છાનાં અનુગામી બનાવો.

શું હું પ્રેમમાં તારા માટે માતાની જેમ નથી? તારા માટે પિતા સમાન પણ છું કારણ કે જરૂરિયાત પડ્યે ગર્જના પણ કરી દઉં છું. જો તારી ઇચ્છા ગુરૂ બનવાની છે તો પહેલાં શિષ્ય બનતાં શીખ, સદાચાર આવશ્યકતા છે. પહેલાં તારા વિચાર બાળકવત શિશુવત પરિરિછિન્ન હતા, પરંતુ હવે વિવેક મિશ્રિત થતો જાય છે. બાળખ વિચારહીન છે અને યુવક નિરંકુશ. માત્ર મનુષ્ય જ આ પ્રમાણે મનુષ્યને પામવાની ઇચ્છા કરી શકે છે. તારૂં ઉત્તર દાયિત્વ તને સદાચારી બનાવશે.

હું તારી ભક્તિ અને અનુરક્તિને સચ્ચાઇ તથા દ્રઢતાનાં રૂપમાં પ્રગટ કરી દઇશ. અગ્રેસર થાવ, મારો પ્રેમ અને આશીર્વાદ હંમેશા તારી સાથે છે.

**(ક્રમશઃ)**

# ઘરના ખૂણે-ખાંચરે, નાની-મોટી તિરાડોમાં તમામ પ્રકારના ફર્નિચરોમાં માંકડ આરામથી રહી શકે છે અને તેની હાજરી પહેલી નજરે વર્તાતી નથી, પરંતુ તેના ત્રાસથી લોકોની ઊંઘ હરામ થઈ જાય છે

## વન્યસૃષ્ટિ પરિચય
## માંકડ - લોહી ચુસતાં કીટક

**- હેમંત સુથાર**

આપણી પૃથ્વી ઉપરના જીવોની કુલ ઓળખાયેલી જાતિઓની સંખ્યા ૧૯, ૪૧, ૯૩૯ જેવી થાય છે. આ આંકડાઓમાં ઓળખાયેલા કીટકોની સંખ્યા ૧૦, ૨૩, ૪૩૦ જેટલી થાય છે. આ આંકડાઓનાં આધારે સમજી શકાય તેમ છે કે વિશ્વની ઓળખાયેલી જીવોની જાતિઓમાં અડધાથી વધુ જાતિઓ કીટકોની છે, એટલે કે પ્રત્યેક બે જાતિએ એક જાતિ કીટકની છે. પૃથ્વી પર કીટકોનું સામ્રાજય છે તેવું કહીએ તો ખોટું નથી.

માનવજાત પર શાસન કરતાં હોય તેવા જીવોમાં મચ્છર, તીડ, માખીઓની સાથે સાથે માંકડને મુકી શકાય. ઘણી જગ્યાએ માનવ વસાહતોમાં માનવોના ઘરમાં માંકડ સર્વત્ર છવાયેલા જોવા મળે છે. દિવસે આરામ ફરમાવતાં માંકડ રાત્રિ દરમિયાન ખૂણે-ખાંચરેથી નીકળીને મીઠી નિંદર માણતાં માનવને કરડીને તેનું લોહી પીને ક્યાં ગૂમ થઇ જાય છે તેની ખબર જ પડતી નથી. માંકડ કરડે ત્યારે ખબર જ નથી પડતી. પણ કરડ્યાનાં થોડા સમય બાદ આવતી ખંજવાળ આખો દિવસ ચાલે છે અને તેમાંથી ઉપસી આવતાં લાલ ઢીચડાં તો અઠવાડિયું યાદગીરીરૂપે હાજર રહે છે.



પ્રાણી સૃષ્ટિના, સંધિપાદ, સમુદાયના કીટક વર્ગની હેમીપ્ટેરા શ્રેણીમાં વર્ગીકૃત થયેલાં માંકડ કે માંકણ સીમી સીડે કુળમાં સ્થાન ધરાવે છે. માંકડને અંગ્રેજીમાં બેડ બગ્સ (Bed bugs) કહે છે. હિન્દીમાં "ખટમલ" કહે છે. "ખટ" એટલે ખાટલો અને બેડ એટલે પણ ખાટલો કે પલંગ આપણી પથારીમાં તેની હાજરી હોવાથી આ બંને નામ રખાયા છે. વિશ્વમાં બગ્સ ૨૫૦ જેટલી જાતિઓનાં છે જે શુષ્ક વિસ્તારોમાં, પાણીમાં, ઘરમાં એન કેટલાંક જંગલોમાં વૃક્ષો પર જોવા મળે છે. તે જ પરિવારનાં સભ્યો એવા ઘર માંકડ વિશે આપણે વાત કરી રહ્યાં છીએ. આપણાં ભારતમાં જોવા મળતાં માંકડનું વૈજ્ઞાનિક નામ સીમેક્ષ હેમીપ્લટેસ (Cimex hemipterus) છે.

નાના કદના અંડાકાર, ચપટા, પહોળા આ કીટક માંકડને પાંખો હોતી નથી. તે ઉડી શકતાં નથી. પાછળી પાંખોની સદંતર ગેરહાજરી હોય છે. જયારે આગલી પાંખો અલ્પ વિકસિત હોય છે. જે પાંખોના અવશેષરૂપે હોય છે. છ પગ અને બે સ્પર્શક (મૂછો) ધરાવતાં માંકડ કથ્થાઇ રંગનાં હોય છે. તેની લંબાઇ ૪ થી ૫ મીલીમીટર અને પહોળાઇ ૧.૫ થી ૩ મીલીમીટર હોય છે. માંકડની માદા નર કરતાં થોડી મોટી હોય છે. તેના ઉદર, ઉદ્રસ અને પગો પર બારીક તાંતણા જેવા વાળ હોય છે. માંકડની આંખો ખુબ જ નાની હોય છે. તેથી ઘણાં લોકો તેને આંખો વગરનાં માને છે.

માદા માંકડ જીવનકાળ દરમિયાન ૨૦૦ થી ૫૦૦ ઇંડામાંથી બચ્ચાં નીકળતાં ૧૦ દિવસનો સમય લાગે છે. આ ગાળા દરમિયાન તે ૬ વાર નિર્મોચન એટલે કે ૬ વિકાસના તબક્કાઓમાંથી પસાર થાય છે. આ રીતે બચ્ચાં તેનું કવચ બદલતાં રહે ત્યારે તે આછા કથ્થાઇ રંગના હોય છે જે ત્યારબાદ પુખ્ત માંકડ જેવો કથ્થાઇ રંગ ધારણ કરે છે.

કીટકોમાં માંકડનું સંવનન વિશિષ્ટ મનાય છે. નર તેના બીજ માદાના પેટના ભાગે એક છિદ્ર કરીને પોલાણમાં મુકે છે જે માદાના શરીરમાંથી વહન થઈને તેનાં ગુપ્ત અંગો સુધી પહોંચે છે અને ફર્ટીલાઇઝ થાય છે.

માંકડની જાતિમાં અંતઃ પ્રજનન થતું જોવા મળે છે. એક જ માદાએ જન્મ આપ્યો હોય તેવા બચ્ચાં પુખ્ય થતાં જ એકબીજા સંવનન કરે છે. કેટલાક બચ્ચાં તેની માતા સાથે પણ પણ સંવનન કરતાં નોંધાયા છે. આવા કારણોસર કેટલી પ્રાણીઓની જાતિઓમાં શારીરિક વિકતિઓ પેદા થતી જોવા મળે છે પરંતુ એક સંશોધન મુજબ માંકડમાં આંતર જાતિ પ્રજનન થતું હોવા છતાં કોઇ વિકૃતિઓ પેદા થતી જોવા મળતી નથી.

માંકડના શરીરમાં રહેલી એક સ્ત્રાવ ગ્રંથિમાંથી તે કાળા રંગનો તૈલી સ્ત્રાવ છોડે છે. જેની ગંથથી તેના શત્રુઓ તેનાથી દૂર રહે છે. આ સ્ત્રાવના ડાગા - નિશાન માંકડ રહેતાં હોય તેવા ભાગોમાં જોઇ શકાય છે. માંકડમાં હાજર સીમ બાયોટીક બેકટેરિયા માદાના શરીરમાંથી ઇંડા વાટે બીજી પેઢીમાં દાખલ થાય છે.

વંદા, કીડીઓ, કરોળિયા, ઇતડી અને કાનખજૂરા, માંકડના શત્રુઓ ગણાય છે. કેટલીક જાતિના માંકડ ડુક્કર, ચામાચીડિયાં, મરઘાં વગેરેના શરીર પર જોઇ શકાય છે અને તેમનું લોહી પીએ છે.

માંકડના મુખાંગ તિક્ષ્ણ હોય છે અને તેની મદદથી માનવોને કરડે છે ત્યારે પ્રથમ કરડવાની જગ્યાએ એક પ્રકારનો સ્ત્રાવ છોડે છે જે લોહીનું ભ્રમણ વધારે છે. અપુખ્ય માંકડ વિકાસના પાંચ તબક્કાઓ દરમિયાન વારંવાર કરડતાં રહે છે. જયારે પુખ્ય માંકડ અઠવાડિયામાં સામાન્ય રૂપ તાપમાન હોય ત્યારે એક જ વાર કરડીને લોહી ચુસે છે. ગરમીની ઋતુમાં માંકડ વધુ વાર કરડે છે અને મોટા થતાં રહે છે. માંકડ ૬ (છ) મહિના લોહી ચુસ્યા વગર જીતવાં રહી શકે છે. માંકડનું આયુષ્ય એકાદ વર્ષ જેવું હોય છે. માણસની ગંધ તે પારખી લે છે અને માણસોને શોધીને માણસોનાં ગળા અને દાઢીનાં નજીકનાં ભાગે માંકડ કરવાનું વધુ પસંદ કરે છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# હિન્દુ વીલના અમલ માટે પ્રોબેટની જરૂર નથી

## ગાંધીનગરના રાહતદારના પ્લોટના વીલ અંગે ગુજરાત હાઈકોર્ટનો સીમાચિન્હ રૂપ ચુકાદો

## વાત કાનૂન કાયદાની...

**- અશ્વિન વી. ત્રિવેદી**

**હિન્દુ વ્યક્તિએ પોતાની સ્વતંત્ર સ્વપાર્જીત આવકમાંથી ખરીદ કરેલ મિલકતના વીલ અંગે સક્ષમ કોર્ટમાં પ્રોબેટ સહીની જરૂર નથી તેવો સીમાચિન્હ રૂપ ચુકાદો ના. ગુજરાત હાઇકોર્ટ મીનાક્ષીબેન પટેલના સેકટર-૩બી ના ૯૦ ચો.મી. પ્લોટનાં વીલ અંગેનો ચુકાદો જાહેર કરતાં સમગ્ર ગાંધીનગરમાં સરકારશ્રી દ્વારા રાહત દરે ફાળવેલ પ્લોટ ઉપર બાંધકામ કરી વીલથી ટ્રાન્સફર કરી મેળવેલ મકાનનાં માલિકોને રાહતનો શ્વાસ લેવા જેવો ઐતિહાસિક ચુકાદો આપેલ છે.**

**જો હિન્દુ વ્યક્તિ દ્વારા વીલ કરવામાં આવ્યું હોય અને આવી મિલકત મુંબઇ, ચેન્નાઇ અને કોલકાત્તાની હાઇકોર્ટ મુળભૂત સિવિલ હકૂમત બહાર આવેલા હોય તેવી સ્થાવર મિલકત અંગેના બહાર આવેલ હોય તેવી સ્થાવર મિલકત અંગેનાંના વીલ માટે ના. સમક્ષ કોર્ટમાંથી પ્રોબેટ સહી મેળવવાની જરૂર નથી. તેવા ચુકાદા આધિન મધ્યમ વર્ગને વેચાણ વ્યવહાર વિલ અંગેની માલિકી હક્કથી મેળવેલ ખોટ ટ્રાન્સફર માટેનાં ખર્ચમાંથી વેચી શકશે તેમજ વીલથી આપેલ મિલકતને વેચાણ વ્યવહાર તરીકે જિલ્લા કલેકટર કચેરી દ્વારા ગણી તેના ઉપર સ્ટેમ્પ ડ્યુટી તેમજ પ્રિમિયમ વસુલ કરવામાં આવતું હતું જે મીનાક્ષીબેન શશીકાંત પટેલ વિરૂધ્ધ જીલ્લા કલેકટર સામેની સ્પ. સિવિલ એપ્લીકેશન નં. ૧૯૩૦૩/૦૫ના ચુકાદાથી પ્રસ્થાપિત કરેલ છે.**

**સદર કેસની હકીકત જોતાં ચંદુભાઇ જીવાબાઇ પટેલના એ ગાંધીનગર ખાતે સેકટર-૩બી માં ૯૦ ચો.મી. પ્લોટ વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ સદર હું પ્લોટ અંગે ચંદુભાઇ જીવાભાઇ પટેલનાએ સબ રજી. કચેરી ગાંધીનગર ખાતે રજી. વીલથી સદર હું મિલકત તેમનાં પુત્ર વધુ મીનાક્ષીબેન ચંદુલાલ ને આપેલ ત્યારબાદ તા. ૦૫/૦૭/૨૦૦૦ ના રોજ ચંદુભાઇ જીવાભાઇ મૈયત થતાં પોતાની હયાતિમાં કરેલ વીલ આધારે મીનાક્ષીબેન શશીકાંતભાઇ પટેલના એ માલિક તરીકે નામ દાખલ કરવા અરજ ગુજારતાં ચંદુભાઇ જીવાભાઇ અન્ય સહ વારસદારો એ પણ મીનાક્ષીબેનનું નામ દાખલ કરવા સંમતિ આપેલ હોવા છતાં જીલ્લા કલેકટરશ્રીએ મીનાક્ષીબેનનું નામ માલિકી હક્કે દાખલ કરવા ઇન્કાર કરતાં હુકમથી નારાજ થઇ મીનાક્ષીબેન પટેલનાએ ગુજરાત હાઇકોર્ટમાં અરજ ગુજારતાં ગુજરાત હાઇકોર્ટ સીમાચિન્હ રૂપ ચુકાદો ફરમાવી વીલથી મેળવેલ મિલકત અંગે ગુજરાતમાં પ્રોબેટ મેળવવું જરૂરી નથી તેવો ચુકાદો આપેલ અને ના. ગુજરાત હાઇકોર્ટ સુપ્રિમ કોર્ટે સ્થાપિત કરેલ સિદ્ધાંતને આખરી માની ભારતીય વારસા હક્ક અધિનિયમ કલમ ૨૧૩ અને ૫૭ એમ બંને કલમો એક સાથે વંચાણમાં લેતા જયારે વીલના પક્ષકારો હિન્દુ હોય તેમજ વીલ અંગેની મિલકતો ભારતીયા વારસાહક્ક અધિનિયમની કલમ : ૫૭ (૬) અને (ખ) હેઠળનાં ક્ષેત્રમાં આવતી ન હોય તો આ અધિનિયમની કલમ : ૨૧૩ની પેરા કલમ : (૨) માં જણાવેલ શરતો આ હિસ્સામાંથી લાગુ પડે છે. તેથી વીલના સંબંધમાં અથવા તેવા વિસ્તારની બહાર આવેલા સ્થાવર મિલકતના વીલ અંગે તેમજ કોઇ જ પ્રોબેટ મેળવવાની જરૂરિયાત ઉપસ્થિત થતી નથી.**

**વીલનાં વહીવટકર્તા હિન્દુ હોય અને આવું વીલ સ્થાવર મિલકતો કે જે કોલકાત્તા, ચેન્નાઇ, મુંબઇ શહેરની બહાર આવેલી હોય ત્યારે આવી સ્થાવર મિલકત સંબંધે ટાઇટલ અંગે સ્થાપિત હિત માટે અધિકારપત્ર કે વીલનું પ્રોબેટ સર્ટી મેળવવું જરૂરી નથી પરંતુ કોઇ અન્ય સહહિસ્સેદારને વાંધો તકરાર હોય તો તેઓ આ વીલ ચેલેન્જ વાંધા કરી શકે છે. ના. કોર્ટ ગુણદોષ ઉપર નિર્ણય લઇ શકે છે.**

**વીલ ખરૂં કે ખોટું, તે અંગે વિવાદ ના હોય વીલના અસ્તિત્વ અંગે કોઇ જ વિવાદના હોય વીલ હિન્દુ વારસદાર મુજબ બનાવેલ હોય સદર વીલથી કોઇનો હક્ક માર્યો જતો ના હોય કે છીનવાઇ જાતો ના હોય તો વીલ આધીન પ્રોબેટ મેળવવું જરૂરી નથી.**

**ઉપરોક્ત ચુકાદાથી હિન્દુ વારસા અધિનિયમ મુજબ હિન્દુ વ્યક્તિએ પોતાના સંતાનો પૈકી કોઇ એક સંતાનને કે તેમના વારસદારને વીલથી મિલકત આપેલ હોય તો આવી મિલકતના ટ્રાન્સફર અંગે કે નામે ખાતે ચઢાવવા માટે પ્રબોટે આજ કે સર્ટીફીકેટની જરૂરિયાત રહેશે નહીં જેથી મધ્યમવર્ગને કોર્ટ કચેરીના ધક્કામાંથી તેમજ ખર્ચમાંથી ઘણી મોટી રાહત થશે.**

**નોંધ :- રેફરન્સ ના.ગુજરાત હાઇકોર્ટના સ્પે. સી. એ. ૧૯૩૦૩/૦૫ ના ચુકાદાથી.**